(101) કયા સંજોગોમાં સહભાગી નિરીક્ષણ પદ્ધતિ અનિવાર્ય બને છે ?

(A) જ્યારે માહિતી અન્ય સ્રોત દ્વારા સરળતાથી પ્રાપ્ત થાય છે.

(B) જ્યારે જૂથ સિવાય અન્ય કોઈ પાસેથી માહિતી પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય.

(C) જ્યારે લેબોરેટરીમાં અભ્યાસ કરવાનો હોય.

(D) જ્યારે માત્ર આંકડાકીય માહિતી જોઈતી હોય.

(102) અનુકંપી તંત્ર સક્રિય થતા શરીરમાં કયો ફેરફાર જોવા મળે છે ?

(A) પાચનક્રિયા ઝડપી બને છે.

(B) હૃદયના ધબકારા અને લોહીનું દબાણ વધે છે.

(C) લાળરસનો સ્રાવ વધે છે.

(D) શરીર આરામની સ્થિતિમાં આવે છે.

(103) વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવતી મોટાભાગની તર્કક્રિયા કયા પ્રકારની હોય છે ?

(A) નિગમનલક્ષી

(B) વ્યાપ્તિલક્ષી

(C) કલ્પનાશીલ

(D) માત્ર અનુભવાત્મક

(104) મનોવૈજ્ઞાનિક એ.આઈ.ગેટ્સ (1917)ના મતે અભ્યાસમાં કેટલા ટકા મનન રાખવાથી બે થી ત્રણ ગણુ વધુ પુનરાવહન થઈ શકે છે ?

(A) 20%

(B) 40%

(C) 60%

(D) 80%

(105) વ્યક્તિ જ્યારે અસ્પષ્ટ ચિત્રનું અર્થઘટન કરે છે ત્યારે તે અજાણતા જ શેનું પ્રક્ષેપણ કરે છે?

(A) પોતાની ઈચ્છાઓ, આશાઓ અને ડર

(B) પોતાની યાદશક્તિ

(C) ફક્ત સામાજિક મૂલ્યો

(D) ગણિતની ક્ષમતા

(106) આલ્ફા તરંગોની ગતિ પ્રતિ સેકન્ડ કેટલી હોય છે ?

(A) 4 થી 8 તરંગો

(B) 13 થી 16 તરંગો

(C) 8 થી 13 તરંગો

(D) 20 થી 25 તરંગો

(107) મનોવિજ્ઞાનની કઈ અભ્યાસ પ્રવૃત્તિને અનુપ્રસ્થ છેદીય કે પ્રોજેક્ટ પદ્ધતિ કહે છે ?

(A) દીર્ઘકાલીન અભ્યાસ પદ્ધતિ

(B) સમકાલીન અભ્યાસ પદ્ધતિ

(C) વ્યક્તિ ઈતિહાસ પદ્ધતિ

(D) નિરીક્ષણ પદ્ધતિ

(108) કોહલબર્ગ વિશે અયોગ્ય વિધાન પારખો.

(A) કોહલબર્ગે સુલતાન નામના ચિમ્પાન્ઝી પર આંતરસૂઝનાં પ્રયોગો કર્યાં.

(B) કોહલબર્ગે નૈતિક વિકાસનો ત્રિસ્તરીયવાદ આપ્યો છે.

(C) ઠપકો કે શાબાશી દ્વારા નૈતિકતાએ પરંપરાગત નૈતિક કક્ષાનું સ્તર છે.

(D) તેઓ સમાવિષ્ટવાદ સાથે સંકળાયેલ મનોવૈજ્ઞાનિક છે.

(109) કેશ્ચર અને શેલ્ડનનાં મતે કયા બાંધાવાળા લોકો ઊંચા અને પાતળા હોય છે ?

(A) બાહ્યસ્તર પ્રધાન
(B) મધ્યસ્તર પ્રધાન
(C) આંતરસ્તર પ્રધાન
(D) બહિર્મુખી લોકો

(110) મનોવિજ્ઞાનને વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત થવાની સફર ક્રમમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?

(A) મન - આત્મા - ચેતના - વર્તન
(B) મન - ચેતના - આત્મા - વર્તન
(C) આત્મા - મન - ચેતના - વર્તન
(D) આત્મા - ચેતના - મન - વર્તન

(111) આર્યનનો બુદ્ધિઆંક તપાસવા માટે તેને એક બુદ્ધિકસોટી એક મહિના પહેલા આપી હતી. તેમાં તેનો બુદ્ધિઆંક 12 આવ્યો અને પહેલા આપેલ બુદ્ધિકસોટીના લગભગ એક મહિના પછી ફરી તેની તે જ કસોટી આપવામાં આવે અને ર વખતે પણ આર્યનનો બુદ્ધિઆંક 125ની આસપાસ આવે તો તે કસોટીનું કયુ લક્ષણ કહેવાય ?

(A) વસ્તુલક્ષીતા
(B) વિશ્વસનીયતા
(C) પ્રમાણિતતા
(D) યથાર્થતા

(112) ટેલિફોન પરથી વાતચીતની પ્રક્રિયાનું સંકલન મગજના કયા ભાગમાં ઉદ્ભવે છે ?

(A) લલાટખંડ
(B) મધ્યખંડ
(C) નિમ્નખંડ
(D) પશ્ચખંડ

(113) કઈ ગ્રંથિમાંથી મુખ્યત્વે ઓક્સિટોસીન, વેસોપ્રેસિન તેમજ એન્ટીડાઈયૂરેટિક નામના સ્ત્રાવો ઝરે છે ?

(A) કંઠ ગ્રંથિ
(B) એડ્રીનલ ગ્રંથિ
(C) પશ્ચ મસ્તિષ્ક ગ્રંથિ
(D) અગ્ર મસ્તિષ્ક ગ્રંથિ

(114) ઊંઘની ગોળીની પ્રયોગપાત્ર પર થતી અસર તપાસવાના પ્રયોગમાં પ્રયોગપાત્ર સંજોગોવશાત્ બગાસું ખાય ત્ નિરીક્ષક તેને ઊંઘની જ અસર માની લે તો તેને પ્રયોગનું કયુ લક્ષણ કહેવાય નહિ ?

(A) નિયંત્રણ
(B) પરિવર્તન
(C) પુનરાવર્તન
(D) વસ્તુલક્ષીતા

(115) જાન્યુઆરી માસમાં વર્ષ બદલાય છે. છતા પણ અરજી કરવામાં કે અગત્યના કોઈ દસ્તાવેજ લખવામાં આપણે આગળના વર્ષની તારીખ લખી નાખીએ છીએ. આ ભૂલનું કારણ કયું છે ?

(A) ઘટનાત્મક સ્મૃતિની નિષ્ફળતા
(B) અતિ શિક્ષણ
(C) અનુક્રિયા અવરોધ
(D) પૂર્વ ક્રિયા અવરોધ

(116) ફ્રોઈડના મતે પાશવી વૃત્તિઓ પર લગામ રાખવાનું અને વાસ્તવિકતાને અનુસરી તેને જવાબદારીપૂર્વક વર્તન માટે દોરવાનું કામ કોણ કરે છે ?

(A) ઈગો
(B) સુપર ઈગો
(C) અંતરાત્મા
(D) ઈડ

(117) આજના યુગમાં ફેસબુક, ટ્વિટર કે વોટ્સએપનો વધતો વપરાશ કઈ પ્રેરણાંનું સૂચન કરે છે ?

(A) સિદ્ધ પ્રેરણાં
(B) સત્તાની પ્રેરણા
(C) સંલગ્નતાની પ્રેરણા
(D) સ્નેહની પ્રેરણા

(118) કઈ નિંદ્રા સ્વપ્નાવસ્થા સૂચવે છે ?

(A) N 1
(B) N 2
(C) N.R.E.M.
(D) R.E.M.

(119) કયા મનો-ઔષધોના અતિ-સેવનથી અકારણ શંકાશીલપણું, હિંસક વર્તન તથા પોતાને બધા હેરાન કરવા કાવતરા ઘડી રહ્યા છે તેવા અકારણ ચિતભ્રમો થાય છે ?

(A) હેરોઈન
(B) એમ્ફેટેમાઈન્સ
(C) એલ.એસ.ડી.
(D) ભાંગ

(120) ગુજરાતના કયા શહેરમાં દેશની સૌપ્રથમ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે ?

(A) અમદાવાદ
(B) સુરત
(C) ભાવનગર
(D) ગાંધીનગર

(121) જન્મથી બાર વર્ષ સુધીના તબક્કાને જીનપિયાજે કેટલા તબક્કામાં વહેંચ્યા છે ?

(A) ચાર
(B) છ
(C) આઠ
(D) બાર

(122) શરીરમાં શ્વાસોચ્છવાસ, હૃદયના ધબકારા તેમજ ચાલવા અને ઊંઘવા જેવી ક્રિયાનું નિયંત્રણ કોણ કરે છે ?

(A) સીમાવર્તી તંત્ર
(B) મસ્તિષ્ક છાબ
(C) કરોડરજ્જુ
(D) મગજસ્કંધ

(123) અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ કોના સંયોજનથી કાર્ય કરે છે ?

(A) હાયપોથેલેમસ

(B) મસ્તિષ્ક ગ્રંથિ

(C) કંઠ ગ્રંથિ

(D) જાતીય ગ્રંથિ

(124) કયા તબક્કામાં બાળકો જોવાના, સાંભળવાના, સ્વાદના, સ્પર્શના અને સુંઘવાના સંવેદનો અનુભવે છે ?

(A) અમૂર્ત ક્રિયાત્મક તબક્કો

(B) મૂર્ત ક્રિયાત્મક તબક્કો

(C) સાંવેદનિક-કારક તબક્કો

(D) પૂર્વ ક્રિયાત્મક તબક્કો

(125) "નિર્ણય પ્રક્રિયામાં વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં આવે છે, અને તેમાંથી અમુક વિકલ્પને પસંદ કરવામાં આ આ નિર્ણય પ્રક્રિયાની વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકે આપી છે ?

(A) સેન્ટ્રોક

(B) મોર્ગન

(C) બેરોન

(D) વિલિયમ્સ

(126) સર્જનાત્મક વિચારમાની પ્રક્રિયામાંથી નીચેનાં કયાં સોપાનો યોગ્ય ક્રમમાં છે ?

(A) વિચારનો ઝબકાર, તૈયારી, સેવન, મૂલ્યાંકન

(B) સેવન, તૈયારી, વિચારનો ઝબકાર, મૂલ્યાંકન

(C) તૈયારી, વિચારનો ઝબકાર, સેવન, મૂલ્યાંકન

(D) તૈયારી, સેવન, વિચારનો ઝબકાર, મૂલ્યાંકન

(127) ધ્વનિ પ્રતિમાઓ આશરે કેટલા સેકન્ડ સાંવેદનિક સ્મૃતિમાં ટકે છે ?

(A) 1 સેકન્ડ

(B) 2 સેકન્ડ

(C) 3 સેકન્ડ

(D) 4 સેકન્ડ

(128) જે પ્રત્યાયનમાં અક્ષરો, વિરામચિહ્નો, અન્ય લેખિત ચિહ્નો, આંકડા વગેરેનો ઉપયોગ થાય છે, તે પ્રત્યાયન પ્રત્યાયન કહે છે ?

(A) અશાબ્દિક પ્રત્યાયન

(B) પ્રત્યાયન

(C) વિસ્મરણ

(D) શાબ્દિક પ્રત્યાયન

(129) પ્લુટોચકના મતે મૂળભૂત આવેગો કેટલા છે ?

(A) 7

(B) 8

(C) 9

(D) 10

(130) કોઈ ઢોંગી બાબાની પોલ ખોલવાની હોય તો તેના પરમ શિષ્ય બની માહિતી મેળવવા કઈ નિરીક્ષણ પદ્ધતિ વપરાય છે ?

(A) સહભાગી નિરીક્ષણ
(B) આંતર નિરીક્ષણ
(C) તુલનાત્મક નિરીક્ષણ
(D) ક્ષેત્ર નિરીક્ષણ

(131) નીચેના પૈકી કયુ મનોવૈજ્ઞાનિક કસોટીનું લક્ષણ નથી ?

(A) વસ્તુલક્ષીતા
(B) યથાર્થતા
(C) પરિવર્તન
(D) પ્રમાણિતતા

(132) માનવ મગજનો કયો ભાગ 'રીલે સ્ટેશન'નું કાર્ય કરે છે ?

(A) સીમાવર્તી તંત્ર
(B) મસ્તિષ્ક છાલ
(C) અનુકંપી તંત્ર
(D) થેલેમસ

(133) સમસ્યા ઉકેલની કઈ વ્યૂહરચના કોઈ સમસ્યાના ઉકેલની ખાતરી આપે છે ?

(A) અલગોરીધમ
(B) હ્યુરિસ્ટીક્સ
(C) સમસ્યા અવકાશ
(D) સ્મૃતિ અને માનસિક તત્પરતા

(134) ભૂતકાળના અનુભવો અર્થમય બને એ રીતે વર્તમાન પરિસ્થિતિમાં પુનઃજાગ્રત કરનારી પ્રક્રિયા એટલે શું ?

(A) સ્મરણ
(B) વિચારણા
(C) સર્જનાત્મકતા
(D) કલ્પના વ્યાપાર

(135) પ્રાથમિક શાળામાં કયા શિક્ષક વધુ રમાડતા કે કયાં શિક્ષક વધુ લેશન આપતા એ આજદિન સુધી યાદ રહેવાનું કારણ કઈ સ્મૃતિ છે ?

(A) સાંવેદનિક સ્મૃતિ
(B) અર્થાત્મક સ્મૃતિ
(C) રીતિલક્ષી સ્મૃતિ
(D) ઘટનાત્મક સ્મૃતિ

(136) 'PQRST' પદ્ધતિની શોધ કોણે કરી હતી ?

(A) થોમસ અને રોબિન્સન
(B) બર્નહાટ અને વિલિયમ જેમ્સ
(C) હિલગાર્ડ અને એટકિન્સન
(D) લેકમેન અને બટરફિલ્ડ

(137) વાણીની ભૂલોમાં 'સ્પુનરિઝમ' એટલે શું ?

(A) બે વાક્યોના શબ્દોને એક જ વાક્યમાં ભેળવવા.

(B) શબ્દોના આરંભના એક-બે અક્ષરોની અદલા બદલી.

(C) એક સાથે બે શબ્દો બોલવા

(D) ચોક્કસ અર્થવાળા શબ્દોને બદલે તેના જેવો શબ્દ બોલવો.

(146) અનુભવોના સંગઠનને આધારે વ્યક્તિએ પોતાની મત વિશે બાંધેલા ખ્યાલને શું કહેવામાં આવે છે ?

(A) સ્વ-પ્રવિષ્કા

(B) સ્વ-સ્કીમા

(C) આત્મ-નિયંત્રણ

(D) આત્મ-સન્માન

(147) એક અંદાજ મુજબ 2100ની સાલ સુધીમાં પૃથ્વીની સપાટી પર હવાનું તાપમાન કેટલા ડિગ્રી ફેરનહીટ વધી જવાની શક્યતા છે ?

(A) 1.5 ડિગ્રી

(B) 2.5 ડિગ્રી

(C) 3.5 ડિગ્રી

(D) 5.5 ડિગ્રી

(148) કર્મચારી પસંદગી માટેની કેટલી મુખ્ય પદ્ધતિઓ લખાણમાં દર્શાવેલ છે ?

(A) બે

(B) ત્રણ

(C) ચાર

(D) પાંચ

(149) "પોતાના જીવન વિષેના વ્યક્તિના ભાવાત્મક અને બોધાત્મક મૂલ્યાંકનો" એટલે શું ?

(A) સામાજિક સુખાકારી

(B) આર્થિક સુખાકારી

(C) વ્યક્તિલક્ષી સુખાકારી

(D) ભૌતિક સુખાકારી

(150) કોના મતે પ્રત્યક્ષીકરણ એ સંવેદનોનાં સરવાળાં કરતાં કંઈક વિશેષ છે ?

(A) સમષ્ટિવાદીઓ

(B) રચનાવાદીઓ

(C) કાર્યવાદીઓ

(D) વર્તનવાદીઓ

(151) બુદ્ધિના સિદ્ધાંતો અંગે કયું વિધાન ખોટું છે ?

(A) સ્ટર્નબર્ગે ત્રિપુટીનો સિદ્ધાંત આપ્યો.

(B) ગિલ્ફર્ડે ત્રિપરિમાણાત્મક સિદ્ધાંત આપેલ, જેમાં 180 માનસિક શક્તિઓ દર્શાવી છે.

(C) ગાર્ડનરે આઠ પ્રકારની બુદ્ધિ દર્શાવી છે.

(D) આયોજનનો ખાસ સિદ્ધાંત જે.પી. દાસે આપેલો છે.

(152) યોગ વિશે અયોગ્ય વિધાન તારવો.

(A) મહર્ષિ પતંજલીએ અષ્ટાંગ યોગનાં સોપાનો દર્શાવ્યા છે.

(B) યમ એટલે વર્તનમાં વિધાયક બાબતોનું પાલન કરવું.

(C) ધારણા એટલે મનની સ્થિરતા

(D) મહર્ષિ મહેશ યોગીએ ભાવાતીત ધ્યાનનો પ્રસાર કર્યો છે.

(153) ભીડ અને ગીચતા વિશે અયોગ્ય વિધાન તારવો.

(A) મર્યાદિત જગ્યામાં ઘણાં બધા લોકો સાથે રહેતા હોય તેને ભીડ કહે છે.

(B) ગીચતાથી આંતરવૈયક્તિક સંબંધો પર માઠી અસર પડે છે.

(C) કોઈ એક સ્થળે ઘણા લોકો ભેગાં થતા હોય તેને ગીચતા કહેવાય.

(D) ગીચતામાં સંઘ કે જૂથ ભાવના વધું જોવાં મળે છે.

(154) કોણ કોને અહેવાલ આપશે તેની સ્પષ્ટતા સંસ્થાનું કયું કાર્ય કરશે ?

(A) કાર્ય વિશિષ્ટીકરણ
(B) ખાતા વિભાજન
(C) આદેશ શૃંખલા
(D) નિયંત્રણ વિસ્તાર

(155) નીચેનામાંથી આવેગ વિશે ખોટું વિધાન તારવો.

(A) જેમ્સલેંગનાં સિદ્ધાંત મુજબ પહેલાં આવેગ અનુભવાય છે, પછી શારીરિક ફેરફાર થાય છે.

(B) કેનન બાર્ડનાં સિદ્ધાંત પ્રમાણે શારીરિક ફેરફારો અને આવેગ બંને એકસાથે અનુભવાય છે.

(C) આવેગમાં હાયપોથેલેમસ અગત્યની ભૂમિકા ભજવે છે.

(D) આવેગ એટલે સમગ્ર ચેતાતંત્રની ક્ષુબ્ધાવસ્થા

(156) નીચેનામાંથી સાચું વિધાન પસંદ કરો.

(A) બુદ્ધિની શાબ્દિક કસોટીમાં ભાષાનો ઉપયોગ અનિવાર્ય નથી.

(B) ક્રિયાત્મક કસોટીમાં સાધનો દ્વારા પ્રવૃત્તિ કરવાની હોય છે.

(C) કોકુમેનની RPM એ સાંસ્કૃતિક રીતે મુક્ત કસોટી છે.

(D) TAT દ્વારા વ્યક્તિની અભિયોગ્યતાનું માપન કરી શકાય છે.

(157) લગ્નનાં કાયદાઓ અંગે આપ કયાં વિધાન સાથે સહમત નથી ?

(A) સંલગ્નતાની જરૂરિયાત માનવી લગ્ન દ્વારા સંતોષે છે.

(B) લગ્નનાં ફાયદાઓ અંગે બોએઈસ્ટર અને લીયર્સે અભ્યાસો કર્યા છે.

(C) માપર્સ કહે છે કે "ખરાબ લગ્નજીવન એ લગ્નજીવન ન હોવાં કરતાંય ખરાબ છે."

(D) અપરિણીત લોકો પરિણિત લોકો કરતાં વધુ સારું શારીરિક-માનસિક સ્વાસ્થ્ય ભોગવે છે.

(158) સાડીની દુકાનમાં જે સાડી ગમી હોય તેને આખી ખોલી તેની ડિઝાઇનનો સંપૂર્ણ અંદાજ મેળવવો, પાલવનો ખ્ મેળવવો વગેરે ધ્યાનનું કયું લક્ષણ દર્શાવે છે ?

(A) ધ્યાન પસંદગીયુક્ત પ્રક્રિયા છે.
(B) ધ્યાન સમાયોજનાત્મક છે.
(C) ધ્યાન શોધનાત્મક છે.
(D) ધ્યાન ચંચળ છે.

9) આયુર્વેદની દૃષ્ટિએ કુલ કેટલા પ્રકારના સ્વાદ છે ?

(A) ચાર (B) પાંચ

(C) છ (D) આઠ

0) કોના મતે પ્રબલન આપવાથી પ્રાણી કે માનવીના વર્તનને ઇચ્છિત આકાર આપી શકાય છે ?

(A) સ્કિનર (B) વોટસન

(C) પાવલોવ (D) થોર્નડાઇક

1) વ્યક્તિ પાસે જ્યારે એક જ વિકલ્પ હોય અને તે વિકલ્પ ક્યારેક આકર્ષક અને ક્યારેક અનાકર્ષક લાગે ત્યારે ઉત્પન્ન થતી માનસિક સ્થિતિને શું કહે છે ?

(A) બેવડો અભિગમન - વિગમન સંઘર્ષ (B) અભિગમન - વિગમન સંઘર્ષ

(C) વિગમન - વિગમન સંઘર્ષ (D) અભિગમન - અભિગમન સંઘર્ષ

62) આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનસિક રોગોના વર્ગીકરણ સાથે જોડાયેલી સંસ્થા કઈ છે ?

(A) WHO અને APA (B) ICD અને APA

(C) DSM અને WHO (D) ICD અને DSM

63) ફ્રોઇડના મતે કઇ અવસ્થામાં અવરોધ આવતા પુખ્તાવસ્થામાં ખાઉધરાપણાની વિકૃતિ વ્યક્તિમાં જોવા મળે છે ?

(A) લિંગ અવસ્થા (B) ગુદાવસ્થા

(C) મુખાવસ્થા (D) સુષુપ્તાવસ્થા

64) બાળકોમાં ધ્યાનને ટકાવી રાખવાની મુશ્કેલી અને અતિશય ચંચળતા સાથે સંબંધિત વિકૃતિ કઈ છે ?

(A) ADHD (B) OCD

(C) Dyslexia (D) Autism

165) પદ્ધતિસરનું વિસંવેદનીકરણ કયા અભિગમ સાથે સંકળાયેલ પ્રયુક્તિ છે ?

(A) વર્તનોપચાર અભિગમ (B) બોધાત્મક ઉપચાર અભિગમ

(C) મનોવિશ્લેષણાત્મક અભિગમ (D) ભાવાત્મક ઉપચાર

166) કયુ પ્રદૂષણ માત્ર વૈયક્તિ વર્તન પર જ નહિ, પરંતુ સામાજિક જીવનની ગુણવત્તા પર પણ અસર કરે છે ?

(A) જળ પ્રદૂષણ (B) હવાનું પ્રદૂષણ

(C) ઘોંઘાટનું પ્રદૂષણ (D) ભીડ/ગીચતાનું પ્રદૂષણ

(167) અન્યની આવેગિક સ્થિતિનું સાચું મૂલ્યાંકન કરવામાં કોણ વધુ કુશળ જોવા મળે છે ?

(A) સ્ત્રીઓ
(B) પુરુષો
(C) બાળકો
(D) વૃદ્ધો

(168) "શિક્ષણ એટલે અનુભવ અને પ્રયત્ન કે મહાવરાથી વર્તનમાં થતો સાપેક્ષ, કાયમી ફેરફાર" આ વ્યાખ્યા કય મનોવૈજ્ઞાનિકે આપી ?

(A) વોક્સ
(B) ટર્મન
(C) સી.ટી. મોર્ગન
(D) ગાર્ડનર

(169) મનોવલણો જન્મજાત નહી, પરંતુ કેવા હોય છે ?

(A) કાયમી
(B) અનિવાર્ય
(C) અપેક્ષિત
(D) સંપાદિત

(170) હિમશીલાનું ઉદાહરણ કયા ખ્યાલ સાથે સંબંધિત છે ?

(A) ચેતન - અચેતન મન
(B) સ્વપ્નાવસ્થા
(C) નિદ્રાવસ્થા
(D) બચાવપ્રયુક્તિ

(171) હેનિંગે આપેલા ગંધના છ પ્રકારો પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) બળેલી વસ્તુની ગંધ
(B) સડેલી વસ્તુની ગંધ
(C) ઈથરની ગંધ
(D) અત્તરની ગંધ

(172) વ્યક્તિ જેટલા પ્રમાણમાં અમૂર્ત રીતે વિચારવાની શક્તિ ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બુદ્ધિમાન હોય છે- આ વ્યાખ્યા કોણે આપેલી છે ?

(A) ટર્મન
(B) વેકસલર
(C) સ્ટર્નબર્ગ
(D) બિને અને સાયમન

(173) ગિલ્ફર્ડના મતે બુદ્ધિનાં કુલ કેટલા ઘટકો હોય છે ?

(A) 50
(B) 150
(C) 250
(D) 350

(174) અશિક્ષિતો પરંપરાગત માન્યતાને વળગી રહે છે માટે પરિવર્તન લાવવા શિક્ષણ જરૂરી છે. તેવું કયા સંશોધક સંશોધનમાં જોવા મળ્યું છે ?

(A) હાર્ડિંગ
(B) કુપ્પુસ્વામી
(C) સ્ટેમ્બર
(D) ન્યુકોમ્બ

175) અન્ય વ્યક્તિ કે પરિસ્થિતિ દ્વારા ઊભી થતી વાસ્તવિક કે કાલ્પનિક માંગને પહોંચીવળી શકાશે નહીં એવા વિચારમાંથી ઊભી થતી માનસિક સ્થિતિને શું કહે છે ?

(A) દબાણ

(B) હતાશા

(C) પ્રેરણા

(D) ચિંતા

176) કાર્યોના સ્વરૂપને આધારે કાર્યોનું પરસ્પર અનુરૂપ એકમોમાં સમૂહિકરણ કરવામાં આવે તેને શું કહેવાય ?

(A) કાર્ય વિશિષ્ટીકરણ

(B) ખાતા વિભાજન

(C) નિયંત્રણ વિસ્તાર

(D) કેન્દ્રિયકરણ

177) સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ કોઈ કારણસર સંસ્થામાં ટકતા ન હોય તેને શું કહે છે ?

(A) બદલી

(B) ઉથલો

(C) ઓથલો

(D) રાજીનામુ

178) અબ્રાહમ મેસ્લોએ પોતાના કયાં પુસ્તકમાં એક પ્રકરણનું નામ Positive Psychology રાખ્યું હતું ?

(A) Motivation and Personality

(B) Personality and Emotions

(C) Positive Psychology

(D) Motivation Psychology

179) સ્કિનરના કારક અભિસંધાનના પ્રયોગમાં ઉંદરને પ્રથમ અન્નગુટિકા પેટીમાં મૂક્યાની કેટલી મિનિટે પ્રાપ્ત થઈ હતી ?

(A) 15

(B) 10

(C) 12

(D) 16

180) ચિમ્પાન્ઝી પર આંતરસૂઝના પ્રયોગો કરનાર કોહલર કયા દેશના વતની હતા ?

(A) અમેરિકા

(B) બ્રિટન

(C) જર્મની

(D) ભારત

181) માઇક્રોટીચિંગનાં પાંચ સોપાનો પૈકી ત્રીજું સોપાન કયું છે ?

(A) શિક્ષણનો તબક્કો

(B) પુનઃ આયોજનનો તબક્કો

(C) પુનઃ શિક્ષણનો તબક્કો

(D) પુનઃ પ્રતિપોષણનો તબક્કો

182) શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટે શિક્ષક જે ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર એટલે-

(A) માઇક્રોટીચિંગ

(B) બ્લૂ પ્રિન્ટ

(C) પાઠ આયોજન

(D) પ્રશ્નપત્ર

(183) ત્રિપરિમાણદર્શી સારણીમાં સમાવિષ્ટ ત્રણ પ્રકારમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) વિષયવસ્તુ
(B) હેતુ
(C) ગુણ
(D) પ્રશ્નપ્રકાર

(184) શિક્ષક હાથપોથીનું અપેક્ષિત લક્ષણ કયું છે ?

(A) તે પૂર્વગ્રહ અને દોષરહિત હોવી જોઈએ.
(B) તેમાં રજૂ થયેલ આકૃતિ અને ચિત્રો સ્વયં સ્પષ્ટ અને પ્રમાણભૂત હોવા જોઈએ.
(C) તેની લેખનશૈલી શિક્ષણને લક્ષમાં રાખઈને પ્રયોજાયેલી હોવી જોઈએ.
(D) ઉપરોક્ત તમામ.

(185) વિલિયમ ક્લિપેટ્રીકે આપેલી પ્રોજેક્ટની વ્યાખ્યા કઈ છે ?

(A) પ્રોજેક્ટ એ કુદરતી વાતાવરણમાં થતું સમસ્યા ઉકેલ શોધવાનું એક કાર્ય છે.
(B) સામાજિક પરિસ્થિતિમાં હેતુપૂર્વકની સહાયતાથી કાર્ય કરવાની યોજના અથવા પદ્ધતિ એટલે પ્રોજેક્ટ.
(C) શાળામાં આયાત થયેલો વાસ્તવિક જીવનપ્રવૃત્તિનો એક અંશ અથવા નાનકડો ભાગ એટલે પ્રોજેક્ટ
(D) ઉપરોક્ત પૈકી એકેય નહિ.

(186) શિક્ષક તરીકે વર્ગખંડમાં પ્રશ્નપ્રયુક્તિનો ઉપયોગ શા માટે કરશો ?

(A) વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરવા માટે.
(B) શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને સક્રિય રાખવા.
(C) વિદ્યાર્થીઓના જ્ઞાનને ચકાસવા માટે.
(D) આપેલ તમામ.

(187) નીચેનામાંથી કયુ વિધાન/વિધાનો સાચા છે ?

1. મૂલ્યાંકન સાધન નથી પણ સાધ્ય છે.
2. પાઠ્યપુસ્તક સાધન છે. સાધ્ય નથી.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) ઉપરોક્ત પૈકી એકેય નહિ.

(188) વિષયાભિમુખ કૌશલ્યના સંદર્ભમાં કયું વર્તન અનિચ્છનીય છે ?

(A) કડકવલણ
(B) હૃદયપૂર્વકનું વર્તન
(C) સાતત્યભંગનું વર્તન
(D) સાહસિકતાપૂર્વકનું વર્તન

(189) જે શિક્ષણ વ્યવસ્થા જેમાં વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકો જેવા કે મંદબુદ્ધિ, અંધ બાળક, શારીરિક ખામી ધરાવતાં બાળકો અને પ્રતિભાશાળી બાળકોને એક સાથે અધ્યયન-અધ્યાપન કરાવવાની સુવિધા એટલે કેવું શિક્ષણ કહેવાય છે ?

(A) આર્થિક શિક્ષણ
(B) સામાજિક શિક્ષણ
(C) સંકલિત શિક્ષણ
(D) રાજનૈતિક શિક્ષણ

(190) જ્યારે અધ્યેતા એક કે એકથી વધુ ભૌતિક બાબતોમાં બે જુદા પડતા ઉદ્દીપકોને જુદા પાડી બતાવે ત્યારે તેને ક્યું અધ્યયન થયું કહેવાય છે ?

(A) વિભેદીકરણ
(B) મૂર્ત ખ્યાલોનું
(C) નિયમોનું
(D) શાબ્દિક

(191) સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) વિદ્યાર્થીનું દરેક પ્રસંગે શિક્ષક મૂલ્યાંકન કરે છે.
(B) વિદ્યાર્થીનું વર્ગમાં અને વર્ગ બહાર શિક્ષક મૂલ્યાંકન કરે છે.
(C) વિદ્યાર્થીનું માત્ર સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
(D) વિદ્યાર્થીનું લેખિત, મૌખિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

(192) વર્ગખંડમાં શિસ્ત જાળવવાનો પ્રભાવી ઉપાય છે કે ...............

(A) અશિસ્ત દાખવનાર વિદ્યાર્થીઓના વાલીને જાણ કરવી.
(B) શિક્ષણકાર્ય રસપ્રદ હશે તો અશિસ્ત આપોઆપ રદ થઈ જશે.
(C) અશિસ્ત દાખવનાર વિદ્યાર્થીઓને વિશિષ્ટ સુવિધા આપી ખુશ કરવા.
(D) અશિસ્ત દાખવનાર વિદ્યાર્થીઓને વર્ગ બહાર મોકલી દેવા.

(193) કોના મતે કેળવણીનું પાયાનું કાર્ય વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવાનું છે. કેળવણી દ્વારા બાળકના જ્ઞાન, સમજ, ઉપયોગ, કુશળતાઓ, વલણો, રસ વગેરે બાબતો સિદ્ધ થવી જોઈએ.

(A) ગાંધીજી
(B) ડૉ. બેન્જામિન બ્લૂમ
(C) બાન્ડુરા
(D) બ્રોફી અને ગુડ

(194) વિદ્યાર્થીઓ મનોવિજ્ઞાનના મંડળની પ્રવૃત્તિઓમાં રસ કેળવી શકે એ કયા પ્રકારનો હેતુ છે ?

(A) જ્ઞાન પ્રાપ્તિનો
(B) સામાન્ય હેતુ
(C) વિશિષ્ટ હેતુ
(D) અપેક્ષિત વર્તન પરિવર્તન

(195) મનોવિજ્ઞાનના નક્કી કરેલાં હેતુઓ સિદ્ધ કરવા માટે શિક્ષણ પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન, સમયની ફાળવ અધ્યયન અનુભવો ખર્ચની જોગવાઈ, વિશિષ્ટ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન જે કરવામાં આવે છે તેને શું કહેવ આવે છે ?

(A) માસિક આયોજન
(B) દૈનિક આયોજન
(C) વાર્ષિક આયોજન
(D) સાપ્તાહિક આયોજન

(196) મનોવિજ્ઞાન પ્રયોગશાળાની સજાવટ માટે કયો વિકલ્પ અયોગ્ય છે ?

(A) અધ્યાપન - અધ્યયન કાર્યમાં શ્રમ અને સમયનો બચાવ થાય તેનો ખ્યાલ રાખવો.
(B) મનોવિજ્ઞાન પ્રયોગશાળામાં પ્રવેશની સાથે વિદ્યાર્થીઓના દિલ અને દિમાગ પર વિશેષ પ્રભાવ પાડે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.
(C) સજાવટમાં વિદ્યાર્થીઓને ભાગીદાર ન બનાવવા જોઈએ.
(D) મનોવિજ્ઞાન વિષય સરળ લાગે તે માટે કાળજીપૂર્વક મનોવિજ્ઞાન ખંડની સજાવટ કરવી જોઈએ.

(197) મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક માપન કેવા પ્રકારના માપન ગણાય છે ?

(A) સાપેક્ષ માપન
(B) પરોક્ષ માપન
(C) પ્રત્યક્ષ માપન
(D) આત્મલક્ષી માપન

(198) ............... સંખ્યાત્મક હોય છે જ્યારે ............... મોટાભાગે ગુણાત્મક હોય છે.

(A) ગણતરી, ચકાસણી
(B) માપન, મૂલ્યાંકન
(C) લેખન, વાચન
(D) આયોજન, સંચાલન

(199) સારા પ્રશ્નપત્રની રચના વખતે કુલ કેટલા હેતુઓ પ્રમાણે ગુણભારની ફાળવણી કરવામાં આવે છે ?

(A) ચાર
(B) છ
(C) પાંચ
(D) ત્રણ

(200) વર્ગમાં શિક્ષણકાર્ય કરતાં કે શાળામાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું અવલોકન કરતાં શિક્ષક કેટલીક મૂંઝવણો અનુભ છે. આ મૂંઝવણોનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી તેમનો ઉકેલ લાવવાનો ઉપયોગી માર્ગ એટલે શું ?

(A) ક્રિયાત્મક સંશોધન
(B) મનોવૈજ્ઞાનિક કસોટી
(C) પ્રયોગ પદ્ધતિ
(D) સર્વેક્ષણ પદ્ધતિ

◆◆◆